બાળમનોવિજ્ઞાનની વ્યાખ્યા અને સ્વરૂપ સમજાવો.

પ્રાસ્તાવિક

બાળમનોવિજ્ઞાનનું સ્વરૂપ એટલે એક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાનનું સ્થાન. એક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાન કેવું સ્થાન ધરાવે છે એ જાણવા માટે તેમાં કેવી બાબતોનો અભ્યાસ કેવાં દૃષ્ટિબિંદુઓ મુજબ થાય છે એની તેમજ આ પ્રકારના અભ્યાસ માટે તે અન્ય વિજ્ઞાનો સાથે કેવો સંબંધ ધરાવે છે એની સમજૂતી મેળવવી જોઈએ. આ સંદર્ભમાં અહીં બાળમનોવિજ્ઞાનના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે

બાળમનોવિજ્ઞાનનું સ્વરૂપ

બાળમનોવિજ્ઞાનના સ્વરૂપને નીચેના મુદ્દાઓ દ્વારા સમજાવી શકાય :

(1) મનોવિજ્ઞાનની એક શાખા તરીકે બાળમનોવિજ્ઞાન

(2) વિકાસાત્મક મનોવિજ્ઞાનની શાખા તરીકે બાળમનોવિજ્ઞાન

(3) એક વર્ણનાત્મક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાન

(4) એક સ્પષ્ટીકરણાત્મક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાન

(5) શરીરવિજ્ઞાન સાથે બાળમનોવિજ્ઞાનનો સંબંધ

(6) સામાજિક વિજ્ઞાનો સાથે બાળમનોવિજ્ઞાનનો સંબંધ

(7) સૈદ્ધાંતિક અને વ્યાવહારિક દૃષ્ટિબિંદુઓ મુજબ બાળવર્તનનો અભ્યાસ કરવા સાથે બાળમનોવિજ્ઞાનનો સંબંધ.

1. મનોવિજ્ઞાનની એક શાખા તરીકે :

મનોવિજ્ઞાનમાં વર્તનનો અભ્યાસ થાય છે, પણ વર્તનનો વિકાસ કેવી રીતે થાય છે એ અંગેનો અભ્યાસ બાળમનોવિજ્ઞાનમાં થાય છે. આ રીતે બાળમનોવિજ્ઞાન મનોવિજ્ઞાનની એક શાખા બને છે.

2. વિકાસાત્મક મનોવિજ્ઞાનની શાખા તરીકે બાળમનોવિજ્ઞાન:

મનોવિજ્ઞાનમાં બાલ્યાવસ્થાથી લઈને વૃદ્ધાવસ્થા સુધી જે કંઈ શારીરિક પરિવર્તનો થાય છે એને લીધે વર્તનમાં કેવાં પરિવર્તનો આવે છે એ અંગેનો અભ્યાસ તેની એક શાખા દ્વારા થાય છે. મનોવિજ્ઞાનની આ શાખાને વિકાસાત્મક મનોવિજ્ઞાન કહેવામાં આવે છે. વિકાસાત્મક મનોવિજ્ઞાનમાં સમગ્ર જીવનને આવરી લેવાય એ રીતે વર્તનના વિકાસનો અભ્યાસ થાય છે. આમાંથી બાળવર્તનના વિકાસનો અભ્યાસ બાળમનોવિજ્ઞાન દ્વારા થાય છે. આ રીતે બાળમનોવિજ્ઞાન વિકાસાત્મક મનોવિજ્ઞાનની એક શાખા બને છે.

3. એક વર્ણનાત્મક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાન

બાળમનોવિજ્ઞાનમાં ગર્ભાધાનથી લઈને પુખ્તાવસ્થાના પ્રારંભ સુધી બાળકના વર્તનનો વિકાસ કેવી રીતે થાય છે એનું વર્ણન કરવામાં આવે છે અને તેથી બાળમનોવિજ્ઞાનને એક વર્ણનાત્મક વિજ્ઞાન તરીકે ઓળખાય છે.

4. એક સ્પષ્ટીકરણાત્મક વિજ્ઞાન તરીકે બાળમનોવિજ્ઞાન :

બાળમનોવિજ્ઞાનમાં જુદી જુદી વય દરમિયાન જોવા મળતાં વર્તનોનું માત્ર વર્ણન જ થતું નથી, પણ તેમાં જુદી જુદી વયે બાળકમાં થતાં વર્તનનાં પરિવર્તનોનું સ્પષ્ટીકરણ પણ આપવામાં આવે છે. એટલે કે બે વર્ષની વયે બાળક નિસરણી ચઢવાનું વર્તન કરતું નથી, પણ ત્રણ વર્ષની વયે તેનામાં આવી પરિપક્વતા આવે છે અને આવી પરિપક્વતામાં વયની સાથે થતાં શારીરિક પરિવર્તનો તેમજ બાહ્ય વાતાવરણ દ્વારા મળતી તાલીમ કેવો ભાગ ભજવે છે એનું સ્પષ્ટીકરણ આપવા સાથે પણ બાળમનોવિજ્ઞાન સંબંધ ધરાવે છે. આ રીતે બાળમનોવિજ્ઞાન જુદાં જુદાં પ્રકારનાં વર્તનોના વિકાસમાં શારીરિક પરિપક્વતા અને બાહ્ય વાતાવરણની અસર કેવો બાગ ભજવે છે એનું સ્પષ્ટીકરણ કરે છે. આ કારણને લીધે બાળમનોવિજ્ઞાનને એક સ્પષ્ટીકરણાત્મક વિજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે.

5. શરીરવિજ્ઞાન સાથે બાળમનોવિજ્ઞાનનો સંબંધ :

વર્તનના વિકાસનો એક અગત્યનો આધાર શારીરિક વિકાસ ઉપરાંત શરીરમાં વય મુજબ થતાં રહેતાં પરિવર્તનો છે. આ બાબતનો અભ્યાસ શરીરવિજ્ઞાન દ્વારા થાય છે. વર્તનના વિકાસ સાથે સંબંધિત શરીર અંગેની આવી માહિતી બાળમનોવિજ્ઞાનને ઉપલબ્ધ કરાવવાનું કાર્ય શરીરવિજ્ઞાન દ્વારા થાય છે. આ રીતે બાળમનોવિજ્ઞાન શરીરવિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે.

6. સામાજિક વિજ્ઞાનો સાથે બાળમનોવિજ્ઞાનનો સંબંધઃ

જે સામાજિક વિજ્ઞાનો સાથે બાળમનોવિજ્ઞાન સંબંધ ધરાવે છે તેમાં મુખ્ય બે વિજ્ઞાનો છે એક, સમાજશાસ્ત્ર અને બૈ, નૃવંશશાસ્ત્ર.

આ વિજ્ઞાનોમાં માનવીના જૂથનાં વર્તનોનો અભ્યાસ થાય છે. જોકે માનવીના સામાજિક વર્તનનો અભ્યાસ વ્યક્તિને કેન્દ્રમાં રાખી જે વિજ્ઞાન કરે છે તે છેઃ "સમાજલક્ષી મનોવિજ્ઞાન" નામની મનોવિજ્ઞાનની એક શાખા, તેમાં સામાજિક વર્તનનો અભ્યાસ થતો હોવાથી તેને પણ સામાજિક વિજ્ઞાન તરીકે ઓળખાવવામાં આવે છે. બાળકના સામાજિક વર્તનનો વિકાસ વ્યક્તિગત દષ્ટિએ સામાજિક જૂથોની અસરને પરિણામે કેવી રીતે થાય છે એ અંગેની માહિતી બાળમનોવિજ્ઞાનના આ પ્રકારનાં સામાજિક વિજ્ઞાનો દ્વારા મળે છે. આ રીતે બાળમનોવિજ્ઞાન સામાજિક વિજ્ઞાનો સાથે સંબંધ ધરાવે છે.

7. સૈદ્ધાંતિક અને વ્યાવહારિક દૃષ્ટિબિંદુઓ :

બાળમનોવિજ્ઞાન મૂળભૂત રીતે બાળવર્તનમાં વય મુજબ થતા વર્તનના વિકાસનાં ધોરણો અંગેના સિદ્ધાંતો આપવા સાથે સંબંધ ધરાવે છે અને આ સંદર્ભમાં તે સૈદ્ધાંતિક દષ્ટિબિંદુ મુજબ વર્તનના વિકાસનો અભ્યાસ કરે છે,

પણ બાળમનોવિજ્ઞાન બાળવર્તનનો માત્ર સૈદ્ધાંતિક અભ્યાસ કરવા સાથે જ સંબંધ ધરાવે છે એમ નથી. તેમાં બાળવર્તનનો સ્વસ્થ રીતે વિકાસ કેવી રીતે થાય એનો અભ્યાસ પણ થાય છે. આ પ્રકારનો અભ્યાસ માતાપિતા, શિક્ષકો તેમજ સમગ્ર સમાજ માટે અત્યંત ઉપયોગી છે.

આમ, બાળમનોવિજ્ઞાનમાં બાળવર્તનના વિકાસનો અભ્યાસ સૈદ્ધાંતિક તેમજ વ્યાવહારિક, એમ બંને પ્રકારનાં દૃષ્ટિબિંદુઓ મુજબ થાય છે.